# પ્રકરણ:3

# ‘બત્રીસ પૂતળીની વેદના’ – ગુજરાતી નવલકથામાં નારી છબીનો અભ્યાસઃ

# પ્રકરણઃ3 'બત્રીસ પૂતળીની વેદના' – ગુજરાતી નવલકથામાં નારી છબીનો અભ્યાસઃ

ઈલા આરબ મહેતા કૃત 'બત્રીસ પૂતળીની વેદના' ગુજરાતી નવલકથાની પ્રથમ આવૃત્તિ મે, ૧૯૮૨ માં પ્રકાશિત થઈ. નારીના વિવિધ પરિમાણોને તાદશ કરતી આ બહુચર્ચિત નવલકથાની પ્રસ્તાવનામાં જ લેખિકાએ સર્જનનો હેતુ અને શીર્ષકનો હેતુ સ્પષ્ટ કર્યો છે : "જે સમાજમાં પરાક્રમો ફક્ત પુરુષોના હોય, સિંહાસનો ફક્ત પુરુષો માટે હોય ને સ્ત્રીઓ જ્યાં કેવળ સિંહાસનની શોભા વધારનારી પૂતળીઓ પોતાની વેદનાને વાચા આપે તો... સર્જાય છે 'બત્રીસ પૂતળીની વેદના!"૧

'જન્મભૂમિ'માં હપ્તાવાર પ્રગટ થયેલી આ નવલકથા નારીલક્ષી છે. પરંતુ, પુરુષદ્વેષી કે પુરુષવિરોધી નવલકથા તરીકે તેની ગણના કરવાનું લેખિકા નકારે છે. નવલકથામાંથી પસાર થતાં તે સ્પષ્ટ થાય છે કે અહીં, નવલકથાના નારીપાત્રો પોતાની સમસ્યાઓનો બંડ પોકારી આત્યંતિક વલણો દ્વારા નિર્ણય લેતાં નથી તેઓ પોતાની સમસ્યાને વાચા આપે છે. પોતાના પરીઘમાં લાગું પડતાં સમાજ, પરિવાર, નોકરી-ધંધો વગેરે જેવા તંત્રોનો વિચાર કરી પોતાના સ્વતંત્ર અસ્તિત્વને ટકાવવા અને જીવવા માટેની મથામણ કરે છે. 'ન દેવી, ન રાક્ષસી. અમને માત્ર સ્ત્રી જ રહેવા દો'ની મથામણ આ નવલકથામાં જોવા મળે છે. અનુરાધા, વિભાવરી, વિનોદીની, રેખા અને છાયા જેવા મુખ્ય નારીપાત્રોની નારીછબીની સમીક્ષા કરવાનો ઉપક્રમ આ પ્રકરણમાં છે.

## ૩.૧ કથાવસ્તુ:

આ નવલકથામાં અનુરાધા, છાયા, રેખા, વિનોદીની અને વિભાવરી જેવાં મુખ્ય નારીપાત્રો અને તેમના જીવનની સમસ્યાઓ છે.

નવલકથાનું પ્રથમ પાત્ર અનુરાધા રસેશ શાહ એ લેખિકા છે. સ્વતંત્ર અને સ્ત્રીઓની દબાઈ ગયેલી જાતિય વૃત્તિઓનું વર્ણન કરતી નવલકથા તે રચે છે. પોતાના સ્વતંત્ર અસ્તિત્વને ટકાવી રાખવા મથતી અનુરાધા એ પોતાની નવલકથાઓ અનુરાધા ગુપ્તાના નામે લખે છે.

કારણ કે, અનુરાધાના પતિ રસેશને જાતિય વૃત્તિનું વર્ણન કરતી નવલકથાઓ ગમતી નથી. પોતાની પત્ની આવી નવલકથાઓ સર્જે એ સામે તેને વાંધો છે. સમાજ શું કહેશે તેનો ખાસ વાંધો છે. પોતાની પત્નીને અન્ય સમાજમાં જોવા મળતી પત્નીઓ સાથે તે સરખાવે છે. તેને Socialize થવા કહે છે. વિચારશીલતાનો અભાવ હોય એવી માત્ર દેખાવનો વિચાર કરતી સ્ત્રીઓમાં અનુરાધા ભળી શકતી નથી. 'આર્યનારી હિતવર્ધક મંડળ' માટે અનુરાધા શાસ્ત્રીજીના કહેવાથી નાટક લખે છે. જે સંસ્થાને સો વર્ષ પૂરા થયે વિવિધ સ્થળોએ ભજવવાનું છે. સ્ત્રીઓને આદર્શ ગણાવતું સંસ્કારી નાટક શાસ્ત્રીજીને જોઈએ છે. વિવિધ વિચારોને અંતે રામાયણના સીતા, કૈકેથી, મંથરા અને કૌશલ્યાના પાત્રો સહિતનું નાટક રચે છે.

'આર્યનારી હિતવર્ધક મંડળ'માં નાટકમાં ભાગ લેનારી અન્ય સ્ત્રીઓ – રેખા, છાયા અને વિનોદીની સાથે તેનો પરિચય થાય છે. તેની અભિનેત્રી મિત્ર વિભાવરી પણ આ નાટકમાં ભાગ લે છે. આ બધા જ પાત્રોનું જીવન અને નાટકના પાત્રો વચ્ચેનું વસ્તુ સન્નિધિકરણ (Juxta pose) આ નવલકથાનું હાર્દ છે. રામાયણનાં પાત્રો સાથેની સમાંતર વિચાર સારણી તેમજ આંતર વિરોધ નવલકથાનાં વિવિધ પાત્રોને મહત્વનાં બનાવે છે. સમાજે ઊભી કરેલી નારી છબી અને વાસ્તવિકતામાં જીવતી નારી છબી વચ્ચેના સંઘર્ષને અંતે વાચા આપતી નારી પાત્રોની આ નવલકથા છે.

રેખાનો પતિ વિપુલ તેને મોટા બંગલામાં જોવા મળતી સુંદર, દેખાવડી અને શરીર સૌષ્ઠવનું હંમેશ ધ્યાન રાખતી, મહેમાનોને વખાણવા લાયક પૂતળી તરીકે રાખવા માંગે છે. પતિ વિપુલની શરતને પ્રેમ સમજી બેઠેલી રેખાને આ માહોલમાં ગૂંગળામણ થાય છે. સેનેટોરિયમમાં બિમાર મા ને અને ગરીબ પિયર વાળાઓને માત્ર ગરીબ હોવાને કારણે મળવા ન જઈ શકતી રેખા માત્ર એક શરીરથી વધુ એવી વિચારશીલ સ્ત્રી છે. રેખાને ઘરડી કૈકેયીના પાત્ર સામે આંતર વિરોધ દ્વારા તેના જીવનનો સંઘર્ષ તાદશ કરાયો છે.

છાયા પરાશર દવે એ શિક્ષિત અને કંપનીમાં વિદેશી કંપનીઓ સાથેની ડીલ સંભાળતી સ્ત્રી છે. પતિ-પત્નીના નાના સંસારમાં પણ જીંદગીનો અનિવાર્ય ક્રમ, પતિની હકુમત અને પતિની

લઘુતાગ્રંથિના શિકાર સામે ઝઝૂમતી છાયા એ નાટકમાં સીતાનો રોલ કરવાની છે. બે જણનાં ખોબા જેવા સંસારમાં પણ દૂરી આવી જતાં તેના અનેક પ્રયત્ન છતાં પરાશરને તે કારકીર્દી માટે ચરિત્રને હાસિયામાં મૂકી દેતી ઘમંડી સ્ત્રી લાગે છે. છાયાના આત્મવિશ્વાસને તે ઘમંડ સમજીને લઘુતાગ્રંથિથી પીડાઈને આડા રસ્તે જઈ પૈસા કમાવવા માટેના પ્રયત્નો કરતાં અટકાતો નથી.

વિનોદિની સંતાનવિહોણી સ્ત્રી છે. સમાજના મ્હેણાં- ટોણાં અને સંતાન પ્રાપ્તિના પ્રયત્નોની સલાહથી કંટાળેલી વિનોદીનીના હ્રદયમાં ગાડી ધોવા આવતા જહોની કે લ્યુકેમિયાથી પીડાતી મા-બાપના છૂટાછેડાને કારણે દાદા પાસે રહેતી પાયલ માટે મમતા છે. માતૃત્વ એ માત્ર જન્મ આપનારી સ્ત્રી જ ધારણ કરી શકે, સંતાનવિહોણી સ્ત્રી એટલે અપશુકનિયાળ, સંતાનવિહોણી સ્ત્રી એટલે 'હુતો - હુતી ને મજા' આ બધા અભિપ્રાયો સામે તેને વાંધો છે. તે કૌશલ્યાનું પાત્ર ભજવતા, નથી એવા પુત્ર રામનો વિરહ જીરવે છે.

વિભાવરી એ અતિ સુંદર અભિનેત્રી છે. પોતાનો અભિનેતા પતિ મયંક એ અન્ય અભિનેત્રી ગીતાના પ્રેમમાં છે એ વાતની તેને જાણ થાય છે. અત્યંત સુંદર એવી વિભાવરી નાટકમાં મંથરાનો રોલ કરવાની છે. મંથરા તેને પોતાની નિકટ લાગે છે. વાસ્તવના દોગલાપણાને/આડંબરને રજૂ કરતી સત્ય દર્શાવતી સ્ત્રી લાગે છે.

આમ, આ પાંચેય પાત્રોના આંતર મનના સંઘર્ષને અંતે નાટકમાં આવતા સંવાદોને બદલે વાસ્તવિક સંવાદોની ચોટથી આ નવલકથાનો અંત થાય છે.

## ૩.૨ 'બત્રીસ પૂતળીની વેદના'- ગુજરાતી નવલકથામાં મુખ્ય નારી છબીનો અભ્યાસઃ

'બત્રીસ પૂતળીની વેદના' નવલકથાના મુખ્ય પાંચ નારીપાત્રો છેઃ અનુરાધા, રેખા, છાયા, વિનોદિની અને વિભાવરી આ પાંચેય નારીપાત્રોની નારી છબીની સમીક્ષા કરવાનો ઉપક્રમ છે.

## ૩.૨.૧ અનુરાધાઃ

સાહિત્યમાં નારીની દબાઇ ગયેલી જાતીય વૃત્તિઓનું વર્ણન કરતી તેમ જ પાત્રને નારી અસ્તિત્વની સ્વતંત્રતા આપતી નવલકથા 'બંધન તૂટ્યાં' ની લેખિકા તરીકે અનુરાધા ગુપ્તા પ્રકરણની શરૂઆતમાં આ નવલકથામાં જોવા મળે છે. નવલકથામાં તુરંત જ આગળ વધતા પતિના નવલકથાના અણગમા પ્રત્યે વિચારી વેદનાનો સણકો અનુભવતી અનુરાધા રસેશ શાહનો આપણને પરિચય થાય છે. આમ, અનુરાધાનું પાત્ર નવલકથાની શરૂઆતથી જ સ્વતંત્ર વિચારસરણી ધરાવતી નારી તરીકેનું છે. પતિના ગમા-અણગમાથી વ્યથિત થઈ પોતાના સમારંભમાં હાજર ન રહી શકતી હોવાથી તેની નવલકથાનો રીવ્યુ ન મળ્યો હોવાથી 'ઘરકૂકડી' તરીકે સ્ત્રીઓને સંબોધતાં તે સંપાદકને કહે છેઃ "સ્ત્રીઓ ઘરકૂકડી નથી. એમને એવી રાખવામાં તમારું હિત છે એમ તમને નથી લાગતું?"(પૃષ્ઠઃ૧૧) અન્ય સ્ત્રીઓની જેમ માત્ર કોફી પાર્ટી, બાળ-માનસ શાસ્ત્ર, ઘર-કરકસર પૂરતી ન રહેતી અનુરાધા સ્ત્રીઓ વિશે અને પોતાના વિશે વિચારે છે. કમર્શિયલ એડવર્ટાઈઝમેન્ટ અને છાપા-મેગેઝીનમાં સ્ત્રીનો વસ્તુની રીતે જ ઉપયોગ થાય છે તેને કટાક્ષરૂપે "ચાલો જરા ગમ્મત કરીએ" શીર્ષક આપી સ્ત્રી-એક વસ્તુ તરીકે (woman as a commodity) કેવી રીતે દર્શાવાય છે અને તે વસ્તુને સમાજ કેવી સહજતાથી ગ્રહણ કરે છે તેના વિષે લખે છે :'સ્ત્રી એટલે કેવળ પોતાની ઉંમરનો, પોતાના દેખાવનો વિચાર કરનાર મૂર્ખ મિથ્યાભિમાની નીઃસત્વ પ્રાણી."(પૃષ્ઠઃ૧૪) સિગારેટની કંપનીમાં ભાવ ઘટાડાને સ્ત્રીના કપડામાં ઘટાડા(stripping) ની પ્રવૃત્તિ દ્વારા દર્શાવાય છે, જેને કોઈ સીધો સંબંધ નથી. આવી સભાનતા ધરાવનાર સ્ત્રી ને "તું બીજા જેવી કેમ નથી?"(પૃષ્ઠઃ૧૫) કહેનાર પતિની સમજદારી સામે વાંધો છે. કુમુદ અને મંજરી જેવા પાત્રો કલ્પનાર પુરુષ લેખકો સામે વાંધો છે. સ્ત્રી ને હાથમાં ઝાડુ લઈ, કર્કશા અને સસ્તી બેટરી જેવી દર્શાવી રમૂજી ટુચકા કરનાર પુરુષો સામે વાંધો છે. જેની સામે અનુરાધાની ઝુંબેશ કે સંઘર્ષ એ આડકતરી (passive) રીતનો છે.

'આર્યનારી હિતવર્ધક મંડળ' ચલાવતાં શાસ્ત્રીજી તરફથી સંસ્થાના સો વર્ષ પૂરાં થાયે નાટક લખવાનું આમંત્રણ મળતા સંસ્થાની મુલાકાત લેતા સાધ્વીઓને જોઈને તે તેઓની ભીતરમાં ધબકતા હૃદય અને દટાઇ ગયેલા જીવનરસ વિશે વિચારે છે. કુંતા માતા, ગાંધારી, અનસૂયા, સાવિત્રી જેવા ભારતીય નારી પાત્રો દ્વારા સ્થગિત થયેલ ત્યાગ, તપ અને સમર્પણને ભારતીય નારીના આદર્શ સામે તે પશ્ચિમી ગણાતા મહત્વાકાંક્ષા, સુંદરતા, બુદ્ધિ વગેરે આદર્શોની તુલના કરે છે. આ તુલનામાંથી જન્મેલ વિચારોના સંઘર્ષને નવલકથાના અંતમાં વાચા મળે છે.

અનુરાધા રામાયણનાં પાત્રો કૈકયી, કૌશલ્યા, સીતા અને મંથરા ને લઈને નાટક રાચે છે. આ પાત્રોને નવલકથાની અંતના સંવાદો દ્વારા નવું પરિમાણ પ્રાપ્ત થાય છે અને ત્યાં સુધીની પાત્રોની યાત્રા એ નવલકથાનું હાર્દ છે. તેમજ ધર્મ અને સમાજની સત્તાને તાબે થતી અને સત્તા સામે દલીલ કરતી- ઝઝૂમતી સ્ત્રીઓની કથની નાટક અને પાત્રોના વાસ્તવિક જીવન વચ્ચે આંતરવિરોધ દ્વારા કરવામાં આવી છે. રસેશ શાહની કલ્પના પ્રમાણે તે પત્નીને ઘડવા માંગે છે, તેને આદર્શ જીવન સંગિની બનાવવા માંગે છે. જેની સામે અનુરાધા બુદ્ધિ, ચેતના અને આત્મા વિનાના માટીના નિર્જીવ લૌંદા તરીકે જીવી પતિની અનુકૂળતા પ્રમાણે ઘડાવવા માંગતી નથી, તેનું પોતાનું અલાયદું અસ્તિત્વ છે જેના પ્રત્યે તે સભાન છે. આઘાત, અકળામણ, દુઃખ, ક્ષોભ જેવી અનેક લાગણીઓમાંથી પસાર થતી અનુરાધા કૈકયી, કૌશલ્યા, સીતા અને મંથરાના સમાંતર સત્યોની કથા લખવી છે. જેને તે નાટકનું રૂપ આપે છે.

આ ઉપરાંત, જેના નામ પરથી 'સદગુણા સદન' નામ અપાયું છે તેવા શેઠાણી સદગુણા વિશે અનુરાધા વિચારે છે. નિઃસંતાન શેઠાણીએ બાઈ પાસેથી છોકરો ખોળે લીધો હતો અને શેઠ પંદર વર્ષના રંગભૂમિની નાયિકા થતાં છોકરાના પ્રેમમાં હતા. સ્ત્રીત્વના આ સંઘર્ષમાંથી પસાર થયેલ વાલકેશ્વરના બંગલામાં છજા પર રોઈને સાંજો ગાળતાં શેઠાણી પ્રત્યે તેને સહાનુભૂતિ થાય છે. વૃદ્ધ એવા બાળવિધવા થયેલ બડી અમ્માના જીવન સંઘર્ષની વાતથી પણ દુઃખ અનુભવે છે. પોતાના પુત્ર અપૂર્વ પ્રત્યે તેને પ્રેમ છે પરંતુ અપૂર્વને રાખવાની જવાબદારી માત્ર એને પડખે

પહેલા આવે છે એ વાત સામે તેને વાંધો છે. 'એ તો એમ જ હોય' જેવા જક્કીપણાના ધ્વનિના કારણે તે પતિ સામેની દલીલ ત્યજી અપૂર્વને લઈને દરિયાકિનારે જાય છે, તેને ક્યારેક વાર્તા કહે છે. અનુરાધાને કુદરત સાથે તાદાત્મ્ય છે. દરિયો, સુરજ, કેક્ટસ, પૃથ્વી જેવાં અનેક તત્વો સાથે તાદાત્મ્ય સાધીને તે જીવન વિશે વિચારે છે : "જે રંગો અદ્ભૂત દેખાય છે, ગાજે છે ને વરસે છે તે સર્વ પૃથ્વીના દ્રવ્યોની લીલા છે. એક સ્ત્રી એટલે પુરુષ, ઘર અને સંતાનોની જ લીલા તેની પર નીકળી જાઓ એટલે માત્ર શૂન્ય? એની બીજી કોઈ આઇડેન્ટિટી નહિ?"(પૃષ્ઠઃ૬૦)

બડી અમ્મા સાથે બેસીને તેમની સાથેના વાર્તાલાપ દરમિયાન બડી અમ્માના ભૂતકાળથી તે સંવેદના અનુભવે છે. કોઠારમાં ઉંદર સાથે પુરી દેનાર સાસરિયાઓ, જેઠાણીની ગીધની નજર, સાસુનો ધુત્કાર અને સસરા તેમજ જેઠની કામુક નજર - આ સર્વે પરિસ્તિથીઓમાંથી પસાર થયેલ બડી અમ્માને એક કાગળ લખાવવો છેઃ "એક કાગળ, ભગવાનને એક કાગળ એમાં લખવાનું કે ભગવાન તે અમને બહુ દુઃખ દીધા, બહુ દુઃખ, ન હસવા દીધું, ન કપડાં પેરવા દીધા, રો રો ને રો હવે ઉપાડી લે, એમ લખવાનું."(પૃષ્ઠઃ૬૬) બડી અમ્માની કાગળ લખાવવાની આ ઇચ્છાથી વિભાવરી સંસ્થામાં ઉપસ્થિત બધી જ મહિલાઓ વિશે વિચારે છે. તેમાંથી પણ કેટલાકને કાગળ લખાવવો હશે. તેઓ પણ કોઈક ને કોઈક એ ત્રસ્ત પરિસ્થિતિઓમાંથી ગુજરતી હશે. આમ, અનુરાધાનું પાત્ર માત્ર પોતાની સ્વતંત્રતા કે અસ્તિત્વ વિષે નહીં પરંતુ નવલકથામાંની બધી સ્ત્રીપાત્રની પરિસ્થિતિઓ વિશે વિચારતું મહત્વનું પાત્ર છે. નાટક દ્વારા તે અંતમાં સર્વની મનઃ સ્થિતિના સંવાદોનું નિમિત્ત બની રહે છે.

અંતે તે શુભાદીદીના અંધ ભાઈ સાથેના વાર્તાલાપમાં પોતાના અસ્તિત્વની મથામણનો ઉત્તર મેળવે છે. પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ રસેશને છોડ્યા વિના કઈ રીતે શોધીને જીવી શકાય તેનો તાળો મેળવે છે. અનુરાધાની વૈચારિક મથામણ જેટલી ગહન છે એટલો જ એનો વિદ્રોહ સ્વસ્થ છે. ઝઘડો, બોલાબોલી, તીખા- કડવા શબ્દો વિના તે સ્વસ્થતાથી સ્વતંત્રતા તરફ આગળ વધે છે. પુત્ર અપૂર્વ, પતિ રસેશ, શાસ્ત્રીજી, અન્ય સ્ત્રીપાત્રો સાથેનું તેનું વર્તન સ્વસ્થ છે. તેથી જ

નવલકથામાં કોઈક ને કોઈક પરિસ્થિતિમાં છાયા, રેખા, વિભાવરી, વિનોદિની સાથે તેનો સંવાદ આંતરમનની ગતિવિધિઓને રજૂ કરતો છે, ઉપરછલ્લો નથી.

નાટકમાં વશીકરણ થતું હોય તેમ સ્ટેજ પર જઈ જ્યારે તે કહે છેઃ "શાસ્ત્રીજી, બહુ નાટકો કરાવ્યા સ્ત્રીઓ પાસે ઘણા ખેલ ખેલ્યા અમે હવે અમે નાટક નહીં કરીએ."(પૃષ્ઠઃ ૧૭૫) ત્યારે આ વિધાન સમાજ વ્યવસ્થા, તેમાંની પુરુષપ્રધાનતા અને ધર્મ સંસ્થા દ્વારા ખડા કરાયેલા સ્ત્રીના બેવડાપણાને, તેની બેવડી જિંદગી સામે કટાક્ષ છે, વિદ્રોહ છે. પુરુષ દ્વારા સંસ્થાપિત ધર્મ, પુરુષ દ્વારા રચાયેલ ધર્મગ્રંથો, સ્ત્રીધર્મ, સ્ત્રીધર્મના મહિમાનું નાટક અને નાટકના ગોખાવી કાઢેલા સંવાદો - આ સર્વની સ્ત્રીઓ પર જે પકડ છે, બંધન છે, તેમાંથી છૂટવા મથી રહેલ સ્ત્રીની વિચારધારા રજૂ કરતી અનુરાધા અંતે કહે છેઃ "ન દેવી, ન રાક્ષસી, અમને માત્ર સ્ત્રી રહેવા દો!" (પૃષ્ઠઃ૧૭૬) અંતે નાટકની સ્ક્રિપ્ટ ફાડી નાખતી અનુરાધાનું સત્ય ઘણું સ્વસ્થ છે.

ચંદ્રકાન્ત ટોપીવાળાનો મત આ સંદર્ભે સુસંગત છેઃ " 'બત્રીસ પૂતળીની વેદના' વાચકોના માત્ર તદાત્મિકરણ માટે નહીં પણ વાચકોના તટસ્થ સહ- સર્જીકરણ માટેનું ક્ષેત્ર છે."૧ નવલકથા સંદર્ભે પણ તે લાગુ પડે છે. અનુરાધા માત્ર પોતાના જ નહીં અન્ય નારીપાત્રોનાં વિચારોને પણ વેગ આપે છે.

## ૩.૨.૨ રેખાઃ

રેખા આ નવલકથાનું બીજું મુખ્ય નારીપાત્ર છે. પૈસાદાર પતિ વિપુલના બંગલામાં રહેતી રેખા વિપુલ માટે એક ફિગર અને સુંદરતાની સુરત સિવાય કંઈ નથી. "રેખા એટલે સ્ત્રી, સ્ત્રી એટલે ફિગર, પ્રમાણસર શરીર. લાંબા સુંદર પગ અને સપાટ પેટ. વિપુલ આ વિશે બહુ જાગરૂક છે."(પૃષ્ઠઃ૫૦) રેખાના શરીર વિશે જાગૃત આ વિપુલને રેખાના માનસ, આત્મા, વિચાર અને રેખાના ગરીબ પિયરયાઓથી કંઈ જ લેવા-દેવા નથી. "ગરીબોને સીધા રાખો નહીંતર માથે ચડી બેસશે."(પૃષ્ઠઃ૪૯) આવો મત ધરાવતો વિપુલ રેખાને પોતાની મા જે ક્ષયપીડિત છે, તેને

મળવા સેનેટોરિયમમાં જવા દેતો નથી. પતિના બંગલાની ચમક-દમકમાં વધારો કરતી રેખા પાસે સતત આ બધામાંથી સ્વતંત્રતાપૂર્વક જીવવાના વિચારો છે. તેની કામવાળી બાઈ ગંગાબાઈ તેને પોતાના કરતાં વધુ સ્વતંત્ર લાગે છે કારણકે, તે પોતાની ઈચ્છાથી કામને ત્યજીને પણ બિમાર સ્વજનને મળવા જઈ શકે છે. અનુરાધાની જેમ જ તે પણ ઘરમાં રહેતો કૂતરો, મેના, કાચવાળી પેટીમાં રહેતી માછલીની સમાંતર પોતાની જાતને મુકીને વિચારે છે.

પાર્ટીમાં વિપુલ તેના મિત્રને કહે છેઃ "લાવ મારા સો રૂપિયા, વ્યાજ સાથે."(પૃષ્ઠઃ૫૫) તે સમયે રેખા વાસ્તવિકતાથી પરિચિત થાય છે. વિપુલે જીતેલી શરત છે રેખા. મિત્ર સાથેની શરત માટે જીતેલી જીદ છે રેખા."સા...લો શિકાર ફર્સ્ટ ક્લાસ છે."(પૃષ્ઠઃ૫૫) કહેતો વિપુલને જોઈને રેખાને વિચાર આવે છેઃ "રાવણ સીતાને હારી ગયો, દુષ્યંતે પણ શકુન્તલાને જોઈ હોઠ પર જીભ ફેરવી હશે. સર્વત્ર એ જ... સ્ત્રી એટલે શિકાર!"(પૃષ્ઠઃ૫૬) આમ, શરીર, સુંદરતા અને શોભાના પૂતળા તરીકે શરતમાં જીતાયેલી રેખાને તે સિવાયનું પણ અસ્તિત્વ છે એ નવલકથામાં આગળ વધતા જોવા મળે છે.

ઝુપડપટ્ટીના બાળકો માટે ફંડ એકઠું કરવાની મિટીંગમાં જ્યારે ચેરિટી શો કરવાનું નક્કી થાય છે ત્યારે, તે સિવાયના દેખાડાની વાતોથી ઉબતી, ત્રસ્ત થતી રેખા બધાથી સ્વતંત્રતા ઝંખે છે. વૈચારિક ઉંડાણના અભાવવાળી સ્ત્રીઓ ચેરિટી શોની વાતોમાં પોતાના પ્રવાસ, બાથરૂમ ફિટિંગ્સ, ફિલ્મ, ફિલ્મ સ્ટાર, ચીફ ગેસ્ટ, તાજમાં ડિનરની વાતો કરે છે આ વાતોથી તે ગુંગળામણ અનુભવે છે.

વિપુલને તેના નાટકના કૈકેયી પાત્ર ભજવણી સામે વાંધો છે. વૃદ્ધાનું પાત્ર રેખા ભજવે તો તેની સુંદરતા લાજે એમ વિપુલ નું માનવું છે. પાર્ટી માં આવેલી સ્ત્રીઓને તો આ નાટક જૂના જમાનાનું લાગે છે. બીમાર વ્હાઈટી કૂતરાને હોસ્પિટલ લઈ જતો વિપુલ રેખાને પોતાની જનનીને નથી મળવા દેતો, અંતે તેના વિચારોની પરાકાષ્ઠા તેને સેનેટોરિયમ સુધી લઈ જાય

છે. તે માને મળે છે, રડે છે. તેના માની બાજુના ખાટલામાં પડેલી સ્ત્રી પ્રત્યે પણ તેને સહાનુભૂતિ જાગે છે. કોઈ પણ મળવા ન આવતું હોય તેવી બીમાર સ્ત્રીને પોતાના મરણ બાદ ક્રિયાકર્મ માટેના ખર્ચની ચિંતા છે. તે રેખા ને પોતાના ભાઈને આપવા માટે સોનાની બંગડીઓ આપે છે જેના દ્વારા પોતાનું મરણ અને તેનો ખર્ચ ભાઈ ઉઠાવી શકે. તેથી જ આવા સબડાયેલા સમાજના દેખાવાથી ત્રસ્ત રેખા ગંદગીની બદબૂથી પરેશાન થતી છાયાને કહે છેઃ "એજ તો આપણા દેશની ખૂબી છે, ચાલશે, બધું ચાલશે ભાંગ્યું, તૂટ્યું, નકામુ, વાસી, ખરું-ખોટું.... આપણો સમાજ જુઓ, રીતિરિવાજો જુઓ."(પૃષ્ઠઃ૧૪૬) ત્યારે જ છાયાને પણ સુંદર સજાયેલી રેખાની ભીતરમાં છુપાયેલી એક વિચારશીલ સ્ત્રીના દર્શન થાય છે. કચરાનો ઢગ, ગંદગી, ' સદગુણા સદન'ના નવા પાટીયા પણ મારી મારી ખડા કરાયેલ જુના મકાન, જડતા, સડેલા રીતિરિવાજોથી ત્રસ્ત રેખાને પરંપરાની જડતાની બદબુ આવે છે.

નાટકમાં અંતે 'રામ ને ગાદી અને મારે વનવાસ' ના આંતરિક વિચારથી પોતાના જ સંવાદ ની શરૂઆત કરતી રેખા કહે છેઃ "હા, મંથરા, હું માંગું છું વનવાસ, હું કૈકેયી માંગુ વનવાસ. મને આ મહેલમાંથી મુક્ત કર. મારા રૂપાળા દેહને ડામ દઈ કોયલો કરી મૂક જેથી એના શિકાર માટે કોઈ પુરુષ પાછળ ના પડે."(પૃષ્ઠઃ૧૭૩) આમ, રેખાને મહેલ, તેના દેખાડા, તેની કુરૂપ જટિલતાથી મુક્ત થવું છે. શિકાર સમજતા પતિની, પ્રોપર્ટી સમજતા પતિની જડતામાંથી મુક્ત થવું છે. આમ, રેખા એ એવું નારીપાત્ર છે જેની સુંદરતા તેનું સર્વસ્વ બની બેઠી છે. તેના વિચારો, તેની સ્વતંત્રતા, તેની મનઃસ્થિતિ, તેની આંતર ગતિવિધિઓથી તેના પતિ અને તેની આસપાસના 'so called elite' લોકોને કોઈ લેવા-દેવા નથી. તેના આ વિચારને નાટક દ્વારા, છાયા, વિનોદિની, વિભાવરી અને અનુરાધા જેવી વિચારશીલ સ્ત્રીઓની સંગતિ દ્વારા વેગ મળે છે. અને તે તેનો વિદ્રોહ નાટકમાંના પોતાના સંવાદ દ્વારા રજૂ કરે છે.

## ૩.૨.૩ છાયાઃ

છાયા પરાશર દવે નામનું પાત્ર નવલકથામાં મહત્વનો ભાગ ભજવે છે. નોકરિયાત સ્ત્રીની છબી જે પતિની લઘુતાગ્રંથિના કારણે પતિની શંકાનો શિકાર બને છે. નાટકમાં સીતાનું પાત્ર ભજવતી છાયા તેની વાસ્તવિક જિંદગીમાં પતિ સાથેના પોતાના સંબંધ વિશે વિચારે છે. "દીકરીની જાત ને વળી મોમાંથી અખ્ખરેય ન નીકળવો જોઈએ અ સ્ત્રીનો અવતાર...." (પૃષ્ઠઃ૬૮) બાળપણથી જ મા પાસેથી આ પ્રકારની શિખામણ સાંભળી ઉછરતી છાયાને લગ્ન સમયે 'સ્ત્રીધર્મ' નામનું પુસ્તક ભેટમાં મળે છે. "સ્ત્રીએ પતિનો મૂડ જોઈ વાત કરવી, પતિને પ્રેમથી પીરસવું, ગુસ્સો કરે તો ગળી જવું વગેરે લગ્નજીવનમાં પુરુષની જે અપેક્ષા હોય તેને સંતોષવી." (પૃષ્ઠઃ૭૦) વગેરે જેવી પતિપરાયણતાનિ વાતો વાંચેલી ત્યારે અલબત્ત લગ્નજીવનમાં પુરુષ ધર્મનું શું? એવો પ્રશ્ન તેને થાય છે.

પતિ-પત્નીની નોકરી નો સમય સરખો હોવા છતાં, નોકરીના કામનું પ્રમાણ સરખું હોવા છતાં સ્ત્રીને ઘરે આવીને કરવા પડતા કામો અને તે ઉપરાંત બંને નોકરીયાત પતિ-પત્ની વચ્ચેના અભિમાનથી સર્જાયેલ ઘર્ષણ (Ego clash) સામે તેને પ્રશ્ન છે. પતિ-પત્નીના બેકલા જીવનમાં અન્ય કોઈની તાણ ન હોવા છતાં કામ કરતી અને પૈસા કમાતી પત્ની સામે પરાશરને વાંધો તેની લઘુતાગ્રંથી (Inferiority Complex) છતી કરે છે. પરાશરનો બોસ બહારગામ હોવાથી પરાશરને સિનેમા જોવા જવાની ઈચ્છા ના કારણે છાયા કામમાંથી છૂટી મેળવવાના કારણોસર છાયાના મનમાં થતું ઘમાસણ અને દ્વિધા એ સીધી રીતે પુરુષસત્તાક લગ્નતંત્રની લગામ દર્શાવે છે. પુરુષને એક બોસ નોકરીમાં અને નોકરિયાત સ્ત્રીને બે બોસઃ નોકરી પર અને ઘરમાં (પતિ). આમ, નોકરિયાત સ્ત્રીને વિભક્ત કુટુંબ (Nuclear Family) હોવા છતાં 'સ્ત્રીધર્મ' ને નામે કરવી પડતી મથામણો છાયા અને પરાશરના જીવન દ્વારા આ નવલકથામાં રજૂ થઈ છે. સિનેમા જોવા માટે છાયાને મનમાં રચાતી ગૂંચવણોમાંનું આ એક ઉદાહરણઃ "કાલે કંઈ બને, હું માંદી પડું, સિનેમાઘરો બંધ રહે, એકાદ નાનો ધરતીકંપ થઈ જાય, અથવા... અથવા પરાશર જ માંદો પડે...છટ...છટ આવા અપશુકનિયાળ વિચાર" (પૃષ્ઠઃ૭૬) જે ટેપરેકોર્ડર લેવાની પરાશરને ઈચ્છા

છે તે ટેપરેકોર્ડર છાયા તરફથી તેને ભેટમાં મળતાં તેની લઘુતાગ્રંથીનો ભાવ કલહમાં પરિણમે છે. છાયા પોતાની જાત વિશે વિચારે છે કેઃ "છાયા નામની સ્ત્રીની વેદના શું તમે સમજી શકશો? લેટેસ્ટ ફેશનના કપડાને હાથ માં મોંઘીદાટ પર્સને શુઝ પહેરેલી, તાજમાં લંચ લેતી, ઘરાકો સાથે સોદો કરતી એક સ્ત્રી- જ્યારે ઘરનો દાદરો ચડે છે ત્યારે એની બુદ્ધિ, પ્રતિભા, પ્રતિષ્ઠા સઘળું એક ખૂણામાં ભંડારી દે છે. બને છે એક કુશળ ગૃહિણી, આજ્ઞાંકિત પત્ની, જેનો ઉપયોગ ઘરયંત્ર ચલાવવામાં થાય છે."(પૃષ્ઠ :૮૩)

છાયાને નોકરીમાં પ્રમોશન મળતા "બહુ બીઝી રહેશો તમે." (પૃષ્ઠઃ૮૬)માં "તમે" નો ઉદગાર એ માનવાચક નહીં, કટાક્ષ વાચક છે. આજ છાયાને રાત્રે પથારીમાં ખેંચતા જડ થયેલી છાયાને "લોઢાનું ઢીમચું" અને 'cold absolutely cold' (પૃષ્ઠઃ 88) કહી હડસેલતા ખચકાતો નથી. પરાશરને લઘુતાગ્રંથીમાંથી જન્મતો male ego પૈસા કમાવવાની ઘેલછામાં વિવિધ લોટરી-યોજનાઓ અને છેવટે પોલીસ સ્ટેશન સુધી ધકેલી જાય છે. નરેશકુમાર મિત્રા નામના ધૂર્ત સાથે ધંધો કરવા જતાં તેને પોલીસ સ્ટેશનની પૂછતાછ દરમિયાન છાયા ચિંતાગ્રસ્ત બને છે. છાયા સાથે ઘરે આવીને થતી વાતચીત દરમિયાન પરાશર નીચે પ્રમાણેના વિધાનો ઉચ્ચારે છે, જે તેની માનસિકતા છતી કરે છેઃ "હું જાણતો નથી કે તારા બોસ તને સેલ્સ મેનેજર શા માટે બનાવી છે? રોજ લટકા મટકા કરી તારા સગલાને બતાવવા જાય છે તે શું હું જાણતો નથી?"(પૃષ્ઠઃ૧૪૧) "નાટકમાં સીતાનો રોલ ભજવવા કરતાં ખરી જિંદગીમાં ભજવો ને!" (પૃષ્ઠઃ૧૪૧) "સાંજના રિહર્સલમાં જાવ છો કે તમારા બોસ જોડે તે..."(પૃષ્ઠઃ૧૪૧) છાયાનો થપ્પડ પડતાં અને છાયાની રાજીનામું આપવાના નિર્ણયને નકારતા પણ પરાશરના મનમાં દિલગીરી કરતાં બે પગારના મોહની ઈચ્છા વધુ છે. છાયા આ બાબતે કાઉન્સેલર ને મળતાં તેની સલાહ પ્રમાણે પરાશરનું અભિમાન સંતોષાય એ પ્રમાણે વર્તવા કહે છે.

છાયાના આ નાનકડા જીવનસંસાર ને સાચવવાની મથામણની ચરમસીમા તેના સીતા તરીકેના સંવાદ કરતા અલગ વાસ્તવિક જીવનમાં સંવાદને મંચ પર રજૂ કરતાં 'હું રાજીનામું

નહીં આપું’ વિધાનમાં છે. તેનો વિદ્રોહ માત્ર એક જ વિધાનમાં સચોટ રીતે નવલકથામાં દર્શાવાયો છે. આમ, છાયા નોકરીયાત સ્ત્રીને ગ્રહજીવનમાં લાગુ પડતી સમસ્યાઓ, મથામણ અને તેની સામેનો વિદ્રોહ દર્શાવતું નારી પાત્ર છે.

## ૩.૨.૪ વિનોદિનીઃ

સંતાનને જન્મ ના આપી શકનાર સ્ત્રીને સમાજ તથા પરિવાર જે દ્રષ્ટિથી જુએ છે તેનું પ્રતિનિધિત્વ કરતી સ્ત્રીની છબી તરીકે આ નવલકથામાં વિનોદીનીનું પાત્ર જોવા મળે છે. ભારતીય સમાજમાં માતૃત્વને સ્ત્રી હોવાની પૂર્ણતા તરીકે જોવામાં આવે છે. આવા સમાજમાં લગ્ન બાદ સંતાનને જન્મ ના આપી શકનારી સ્ત્રી અથવા પોતાની ઇચ્છા થી સંતાન ન જણતી સ્ત્રીને કુદષ્ટિથી જોવામાં આવે છે. નવલકથામાં વિનોદીનીનું પાત્ર આ જ સમસ્યાને કારણે ઘણી યાતના ભોગવે છે. જેમકે, વિનોદિની ના પાડોશી ચંપાબહેનનું વિધાનઃ-"નસીબદાર છો બાઈ! નહીં છૈયા નહીં છોકરા. કરો લહેર તમ તમારે!” (પૃષ્ઠઃ૧૦૧)

નવલકથામાં વિનોદિની નાટકમાં કૌશલ્યાનું પાત્ર ભજવે છે. વાસ્તવિક જીવનમાં તે મા નથી, પરંતુ નાટકમાં તે પોતાના પુત્રના વિરહમાં ઝૂરતી ભૂમિકા ભજવે છે. જ્યારે વાસ્તવિક જીવનમાં તે સંતાન પ્રાપ્તિ ની ઈચ્છાથી અને તેની સામેના સમાજ તેમજ પરિવારના વલણથી દુઃખ અનુભવે છે. એકલવાયા જીવનમાં સંતાનપ્રાપ્તિના વિચારથી દૂર ‘આર્યનારી હિતવર્ધક મંડળ’માં અન્ય સ્ત્રીઓના સંપર્કમાં તેને સુખની લાગણી થાય છે. અન્ય સંતાનો જે પોતાના મા-બાપથી દૂર કરાયા હોય અથવા મા-બાપથી દૂર હોય કે ધિક્કાર પામતા હોય તે જોઈને તેને વધુ દુઃખ થાય છે. તે વિચારે છેઃ "સદીઓ... ના ના યુગોથી માતૃત્વ એ નારીત્વનો શિરમોર ગુણ ગણાયો છે. જેનું ઉદર ખાલી છે તે સ્ત્રી પથરાળ, વેરાન જમીન જેવી ત્યજી દેવાય છે. પુત્ર વગર નરકમાં સબડાવાની બીકે પુરુષ પુત્ર વગરની સ્ત્રીને તો આ લોકમાં જ નરકની યાતના આપે છે."(પૃષ્ઠઃ૧૦૧)

અન્ય પાત્રોની પરિસ્થિતિ જોતાં તે મા-બાપ અને સંતાનના ગૂંચવણભર્યા સંબંધો વિશે પણ વિચારે છે. જેમ કે, સંસ્થાની શેઠાણીએ શેઠની બાઈનું પ્રસરેલું સંતાન દત્તક લીધું હતું. આ સંતાનને ફેંકી દેવાની ઇચ્છા થઇ હશે કે શેઠાણીએ બાઈ નો આભાર માન્યો હશે? તે વિશે તેને દ્વિધા થાય છે. તેનાથી વિરુદ્ધ સંસ્થામાં કામ કરતી ગંગાબાઇને ઘણાં સંતાનો છે. તેમ છતાં તેનો પતિ ભૂખે મરે એવી પરિસ્થિતિમાં પણ પોતાની પત્નીની શારીરિક સ્થિતિની ચિંતા કરતો નથી. ડોક્ટરે ના પાડી તેમ છતાં તે પોતાની જડતા દૂર કરતો નથી. ગર્ભપાત માટે પણ હોસ્પિટલમાં પતિની સહી માંગે છે તે માટે ગંગાબાઇ કહે છેઃ "કાયદો જ ધણીનો રહ્યો ઈમાં શું થાય?" (પૃષ્ઠ:૧૦૪) ગંગાબાઈ આ પરિસ્થિતિમાં પણ સંસ્થાનું કામ કરે છે તેમાં અમુક સ્ત્રીઓને દયાને કારણે વાંધો છે તો અમુક સ્ત્રીઓને ગુસ્સો છે. વંધ્યા સ્ત્રીને ડોક્ટરો, જ્યોતિષઓ કે તાંત્રિકોની સલાહ આપતી અન્ય સ્ત્રીઓને પણ જુદા-જુદા અભિપ્રાયો છે. અમુકને વિનોદીની પ્રત્યે સહાનુભૂતિ છે, તો અન્યને ચિંતા કે વિનોદિની તેમના સંતાનો પર નજર ન રાખે. આમ, અન્ય સ્ત્રીની શંકાનો ભોગ બનતી વિનોદિની વિચારે છે કેઃ "સ્ત્રીને સંતાનની ખોટ ન લાગે તો? એવું બને જ નહીં. નક્કી મશીનમાં કાક ખોટકો છે!"(પૃષ્ઠઃ ૧૦૯) બાળપણમાં પણ પંખીના માળા વિના કે ફળ વિના ઝાડનું ચિત્ર દોડતી વિનોદિનીને સંતાન વિના અધૂરી ગણવામાં આવે છે. પણ શું દરેક સ્ત્રીને સંતાનપ્રાપ્તિની ઈચ્છા હોય છે? આ સવાલ હજુ સુધી કોઈના મનમાં ઉઠ્યો નથી એમ આ પાત્ર વિચારે છે.

નાની નણંદ વિરાજના લગ્ન સમયે શુભ પ્રસંગમાં વંધ્યાની હાજરી અપશુકનિયાળ હોય છે એ અંધશ્રદ્ધાના કારણે ફોઈબા તેને વરઘોડીયુ વધાવવાના સમયે આડકતરી રીતે ઘરમાં મોકલી દે છે. ભણવામાં ફર્સ્ટક્લાસ લાવતી વિરાજ અને હાઇ જમ્પમાં ચેમ્પિયન એવી મોટી નણંદ બીજલ લગ્ન બાદ પોતાની કરિયર વિશે જરા પણ રંજ નથી તે જોઈને વિનોદીની આશ્ચર્ય અનુભવે છે. "ઠેકાણું સારું મળ્યું એટલે કરી નાખ્યું."(પૃષ્ઠ:૧૧૪) જેવા વિચારો ધરાવતા પરિવારના વડીલો સામે બંને ક્ષમતા ધરાવતી છોકરીઓને 'ઠેકાણે પડવાની' સામે કોઈ વાંધો નથી. સોશિયોલોજીમાં એમ.એ થયેલી વિરાજના ઘરે કુંદી નામની નાની છોકરી કામ કરે છે અને

વિરાજ તેને દાબમાં રાખે છે. આ વિરોધાભાસથી વિનોદિનીને આંચકો લાગે છે. સુરજ મિલ્સવાળાની દીકરી પાયલ મા-બાપના છૂટાછેડાને કારણે દાદાજી સાથે રહે છે. તેને લ્યુકેમિયા હોવા છતાં તેને મા-બાપની છત્રછાયાથી દૂર રહેવું પડે તે વિનોદિનીને અસહ્ય લાગે છે. દુબઈમાં રહેતી મા નો પુત્ર જહોની જે વિનોદીની નો મિત્ર છે. તે યુવક ગાડી ધોવા આવે છે, વિનોદિની પાસે મા માટે પત્ર લખાવે છે. ટ્રાફિક સિગ્નલ પર પણ જોવા મળતા ગજરો વેચતા બાળકોને પરચુરણ પકડાવતા "no,no, don't you see we must have organised charity." (પૃષ્ઠઃ ૧૧૯) ની વાતો કરતા ભદ્ર સમાજ પ્રત્યે તેને ઘૃણા થાય છે. આમ, પાયલ, જહોની, કુંદી જેવા અનેક બાળકોના ગુનેગાર મા-બાપને કોણ ન્યાય આપશે? તે વિશે તેને માનસિક સંતાપ જાગે છે.

આમ, વંધ્યા સ્ત્રી જે કૌશલ્યાનું પાત્ર નાટકમાં ભજવવાની છે એ સ્ત્રીપાત્રના સંતાન ન હોવાથી સહેવા પડતા માનસિક સંતાપની આ નવલકથામાં વાત છે. જેને વિનોદિનીના પાત્ર દ્વારા રજૂ કરવામાં આવી છે. તે ઉપરાંત, મા- બાપ દ્વારા કાળજી કે પ્રેમ ન પામતા સંતાનો વિશે, તેમના ઝુરાપા વિશેની ચર્ચા પણ નવલકથામાં વિનોદીનીના પાત્રની આજુબાજુના પરિવેશ દ્વારા ચર્ચવામાં આવી છે. સંતાનપ્રાપ્તિ અને તેમાં પણ પુત્રપ્રાપ્તિ એ પુરુષસત્તાક સમાજની જડતાનો જ એક અંશ છે અને એ સિવાયની સ્ત્રીને અપૂર્ણ ગણવામાં જ સમાજ સંતોષ અનુભવે છે તે વિનોદીનીના પાત્ર દ્વારા દર્શાવવામાં આવ્યું છે.

## ૩.૨.૫ વિભાવરીઃ

વિભાવરી નું પાત્ર એ આ નવલકથામાં રસપ્રદ પાત્ર છે. 'કનકની લોઈ અને 'મેઘદૂત ની ગ્રામ વધુ' જેવી ઉપમા તેની સુંદરતા માટે અનુરાધા દ્વારા અપાઈ છે. વિભાવરી અભિનેત્રી છે અને મયંક અભિનેતા. પતિ-પત્નીના આ નાનકડા સંસારમાં તાણ ત્યારે આવે છે જ્યારે વિભાવરીને મયંક પર લગ્ન સિવાયના સંબંધની શંકા જાગે છે. નવા નાટકની હિરોઇન ગીતાના

પ્રેમમાં મયંક પડે છે. વિભાવરીની દ્વિધા એ છે કે મયંકનો સંબંધ એ વિભાવરીની કારકિર્દીના લીધે સમય ના આપી શકવાના કારણે છે કે પછી મયંક વિશ્વાસઘાતી છે!

ફિલ્મી અને રંગમંચની રંગીન દુનિયાના રંગોની પડછે વિભાવરી પોતાના આદર્શ છોડતી નથી. મિસ્ટર કૌલ, જે ફિલ્મ પ્રોડ્યુસર છે તેઓ તેમની આગામી ફિલ્મ 'તાજમહલ' માટે વિભાવરીને મુમતાઝનો રોલ આપવા માંગે છે જેના બદલામાં તેમની વૃત્તિ વિભાવરીને પામવાની છે. હોટેલમાં બોલાવી ડ્રિન્ક્સ માટે આવકારતા મિસ્ટર કૌલની ઓફર વિભાવરી ઠુકરાવે છે તે પાછળ તેના આદર્શો અને સાવચેતી છે. જ્યારે મયંક તેને તે ઓફર સ્વીકારવા માટે આગ્રહ કરે છે. ગીતા માટે તલસતો મયંક જ્યારે 'તાજમહલ'ની ઓફર વિશે જાણશે ત્યારે તેને પસ્તાવો થશે તે પગે પડીને આવશે તેવા ગાંડા વિચારો પણ તેને આવે છે. વિભાવરી પોતાની સુંદરતાથી અભિભૂત થઈને નાટકમાં મુખ્ય રોલની માંગણી નથી કરતી. તેને તો મંથરાનો રોલ કરવામાં રસ છે. તેને અનેક આવરણો ભેદીને સત્ય પ્રગટ કરવામાં હવે રસ છે. તે મયંકના સત્ય વિશે પણ જાણવા માંગે છે.

જે ફિલ્મની ઓફર વિભાવરીએ નકારી તે ફિલ્મનું દિગ્દર્શન મયંક કરે છે અને ગીતા તેમાં મુખ્ય અભિનેત્રી છે તે સાંભળીને વિભાવરી અસ્વસ્થ બને છે. તેની આ અસ્વસ્થતામાં તેની મયંક પ્રત્યેની શંકાથી સત્ય પ્રત્યેનું અનાવરણ છે. મયંક ગીતાને ચાહે છે, તેમ છતાં વિભાવરી માટે કલકત્તાનુ સિંદુર ને લાલ કોરવાડી સાડી લાવે છે. તે સામે મયંક નો પ્રતિભાવ આ પ્રમાણે છેઃ "વિભા, હું ગીતાને ચાહું છું એટલે તારા ચારીત્ર્ય પર થોડો ડાઘ પડે છે કાંઈ? હું તો તનેય ચાહું છું હજુ પણ. એક પુરુષ બે સ્ત્રીને શા માટે ના ચાહી શકે?"(પૃષ્ઠઃ૧૫૯) મયંક જ્યારે ઘર છોડીને ગીતા સાથે રહેવા જતો રહે છે ત્યારે દરેક જૂઠાણાંના આવરણો ખેંચીને પરમ સત્ય બહાર લાવવાની તેની ઈચ્છા વધુ પ્રબળ બને છે.

પોતાની કોલેજની મિત્ર કિશોરી જયારે તેને રસ્તામાં મળે છે ત્યારે કિડની ફેઇલના કારણે ડાયાલિસિસ માટે દાખલ કરાયેલ તેના પતિ પ્રત્યે તેની પરાયણતા અને મુશ્કેલી પ્રત્યે તેની સ્વસ્થતા જોઈને અચંબો પામે છે. તે સમાંતરે તે પોતે મયંક છોડીને ચાલ્યો ગયો છે તે ક્ષણ પરમ વેદનાની છે કે મુક્તિની તે વિશે ઊંડા વિચારો કરે છે. મુક્ત થયેલી, પોતાને અબળા ન માનતી અને આ વેદનાનો પ્રચંડ ધબકાર ઝીલતી વિભાવરી આંખો લૂછી વિશાળ વિશ્વમાં વિસ્તાર પામે છે. આ મુક્તિમાં તેની વેદનાનો અંત દર્શાવાયો છે. તેથી જ નાટકની શરુઆત થતા પહેલા વિભાવરી સ્વસ્થતાથી કલાદેવીની પૂજા કરી પ્રસાદ વહેંચે છે. ત્યારબાદ નાટક શરુ થતા જ તેના મંથરા તરીકેના સંવાદો સ્વસ્થતાથી બોલે છે.

આમ, વિભાવરી અભિનેત્રી હોવા છતાં સેક્સ કોમેડીમાં કામ કરવાની કે મિસ્ટર કૉલની ઓફર સ્વીકારવાની ના પાડી તેમાં તેના વ્યક્તિ તરીકેના આદર્શો છે. મયંક છોડીને જતાં "નાટકવાળા બધા એવા જ. ભાઈના લક્ષણ એવા ને બાઈનાય એવા હશેને." (પૃષ્ઠઃ૧૬૨) જેવા લોકોના અભિપ્રાયના વિચારો તેને આવે છે, પરંતુ તે સર્વપરિસ્થિતિને મથામણને અંતે સ્વસ્થતાથી સ્વીકારી એક વ્યક્તિ તરીકે વિસ્તાર પામે છે. આમ, વિભાવરીનું પાત્ર નવલકથામાં ઘણો મહત્વનો ભાગ ભજવે છે. પુરુષસત્તાક સમાજમાં પુરુષની લોલુપતા તેમજ પત્નીના કોઈ વાંક વિના પતિ છોડીને જાય ત્યારે પણ સમાજની વાતોનો ભોગ બનતી નારીની છબી આપણને વિભાવરીના પાત્ર દ્વારા જોવા મળે છે.

આ નવલકથાના મોટા ભાગના પાત્રોના પતિ જ સત્તા ધરાવતા હોવાથી શોષક અને પત્નીઓ દમિત છે. જેની સમસ્યા સંદર્ભે ભરત મહેતા નોંધે છે કેઃ "કામદારો અને માલિકો, સવર્ણો અને દલિતો કરતાં પિતૃસત્તા સામેની આ સ્ત્રીઓની સમસ્યા વધુ સંકૂલ છે."૨ તેમ છતાં આ નવલકથાનો વિરોધ ઉગ્રતા કે આક્રોશથી નહીં, સ્વસ્થતાથી કરાયો છે. તેથી તે સંદર્ભે ભરત મહેતા કહે છેઃ "અહીં જે સ્ત્રીઓ છે એમને સત્તા (Power) નથી જોઈતી, અધિકાર (Right) જોઈએ છે."૩

## ૩.૩ 'બત્રીસ પૂતળીની વેદના'- ગુજરાતી નવલકથામાં ગૌણ નારી છબીનો અભ્યાસઃ

'બત્રીસ પૂતળીની વેદના' ગુજરાતી નવલકથામાં મુખ્ય પાત્રો સિવાયનાં ગૌણ નારી પાત્રો મધુબહેન, ચંદ્રાબહેન, ભગવતીબહેન, વસુબહેન, ગંગાબાઈ અને બડી અમ્મા છે. આ ઉપરાંત, રેખાની મા, હોસ્પિટલમાં મળતી અન્ય બાઈ, કિશોરી, રેખાના બંગલામાં કામ કરતી બાઈ, શુભાદીદી - અનુરાધાના પાડોશી તેમજ પાર્ટીમાં આવતા અને સંસ્થામાં આવતાં અન્ય નારી પાત્રોનો આછડતો ઉલ્લેખ છે. જેની નવલકથામાં કોઈ ઠોસ ભૂમિકા નથી. તેઓ માત્ર અવલંબનરૂપે નવલકથામાં આવે છે.

### ૩.૩.૧ માર્શિયા, ચંદ્રાબહેન, વસુબહેન, મધુબહેન, ભગવતીબહેન અને બડી અમ્માઃ

માર્શિયા એ છાયાની ઓફિસમાં તેની સાથે કામ કરતી સ્ત્રી છે. તે ખ્રિસ્તી છે. તે જેને પ્રેમ કરે છે, તેના દ્વારા ધર્મપરિવર્તનનું કહેવાતા તે પુરુષનો સાથ છોડી દે છે. લગ્ન બાદ સ્ત્રીને જે ઈશ્વરમાં શ્રદ્ધા હોય તેને પણ બદલી નાખીને કેવું મૂલ્યહ્રાસ થાય છે તેનું ઉદાહરણ માર્શિયાનાં પાત્ર દ્વારા થાય છે. ધર્મ એવી સંસ્થા છે કે ધર્મના પ્રસાર માટે પણ સ્ત્રીનો ઉપયોગ કરવામાં આવે છે. આજના સમયે 'લવ જેહાદ' અને તેના જેવા જ અન્ય ધર્મનાં પ્રયાસોમાં સ્ત્રીનું પોતાનું કોઈ મંતવ્ય રહેતું નથી. તેની પૂર્વપરિસ્થિતી આ નવલકથામાં માર્શિયાના પાત્ર દ્વારા દર્શાવાઈ છે. ભરત મહેતા નોંધે છે કેઃ "માર્શિયા સિવાયની એક પણ સ્ત્રી સંબંધ છોડતી નથી."૪ તેમાં ભારતીયતાનાં આદર્શોનું દર્શન થાય છે. પરિસ્થિતિમાં રહીને માર્ગ કાઢવામાં માનનાર આ

નવલકથાના સ્ત્રી પાત્રોમાં પલાયનવાદ (Escapism) નથી, જે 'સાત પગલાં આકાશ'માં વસુધા અને અન્ય પાત્રોમાં જોવા મળે છે.

ચંદ્રાબહેન, વસુબહેન, મધુબહેન, ભગવતીબહેન અને બડી અમ્માના પાત્રો સંસ્થામાં આવતી નારીનાં છે. જેમાંથી ચંદ્રાબહેન, વસુબહેન, મધુબહેન અને ભગવતીબહેન શાસ્ત્રીજીના અનુયાયી તરીકે ભાગ ભજવે છે. ધર્મ સંસ્થાના જડબેસલાક માળખામાં રૂઢિચુસ્ત પરિસ્થિતિમાં અને શાસ્ત્રીજીના કહેણ પ્રમાણે જીવતી આ નારીઓ સાધ્વીઓ છે. પણ તે સૌના ભીતરમાં ધબકતી સંવેદના અને જીવન જીવવાનો રસ સુષુપ્ત અવસ્થામાં છે. ચંદ્રાબહેન અનુરાધાની 'બંધન તૂટ્યા' નવલકથા વાંચી છે જે શાસ્ત્રીજીના વિચારોની અનુસરણીના કારણે તેઓને ન ગમી. વસુબહેને પણ છૂપીથી આ નવલકથા વાંચી છે, તેમણે પણ તે શાસ્ત્રીજીના વિચારો વિરોધની લાગી. ચંદ્રાબહેન જ્યાં 'નારીના શરીરને એક મંદિરરૂપ' ગણાવે છે ત્યાં વસુબહેન લગ્ન પહેલા નારીના શારીરિક સંબંધોની વાત કરતા સંસ્થામાં' બોમ્બ' મૂકાયો હોય એવી પરિસ્થિતિ સર્જાય છે. આમ, ભારતીય ધર્મ સંસ્થા અનુસાર સ્ત્રી માટે ઘડાયેલા ત્યાગ, સમર્પણ, પતિ પરાયણતા, કુટુંબ પરાયણતા જેવાં સ્ત્રીના સદગુણોને કારણે જીવન રસ ત્યાગી જીવતી આ સાધ્વી સ્ત્રીઓમાં ક્યાંક જીવન રસ ધબકે છે તે કેટલાક પ્રસંગે લેખિકા દ્વારા દર્શાવવામાં આવ્યું છે

બડી અમ્મા ઘણી વૃદ્ધ બાઈ છે. બાળવિધવા હોવાને કારણે હસી પણ ન શકતી આ સ્ત્રીની છબી દ્વારા સમાજની જડતા રજૂ કરાઇ છે. ગંગાબાઈએ પુરુષની મરજી વિરુદ્ધ ન જઈ શકતી, અનેક સંતાનોને જન્મ આપતી સંસ્થામાં કામ કરવા આવતી બાઈ છે. ગર્ભવતી અવસ્થામાં પણ સંસ્થાના નિયમ પ્રમાણે ગંગાબાઈને ત્રણને બદલે એક જ મહિનાની રજા મળે છે. આમ, સ્ત્રીનું કલ્યાણ અને સંસ્થાના નિયમોનું વિરુદ્ધપણું એક કટાક્ષ છે. સંસ્થામાં લગાવેલો શેઠાણીનો ફોટો, તે શેઠાણીએ શેઠની બાઇએ પ્રસવેલા પુત્રને દત્તક લેવો, શેઠનો આડસંબંધ વગેરે વિશેની આડકતરી વાતો એ પણ સંસ્થાનો પાયો કેવો ખોખલો છે તે દર્શાવે છે. સ્ત્રી

હિતકારીના આદર્શો માટે સ્થપાયેલી સંસ્થાની અંદર તો રૂઢિચુસ્તતા, જડતા, આડંબર, ધર્મના નામે ચાલતા સ્વાંગો વગેરેનો ચિતાર આ નવલકથામાં ગૌણ નારીપાત્રોની વાત દ્વારા અપાયો છે.

## ૩.૪ ઉપસંહારઃ

આમ, આ નવલકથામાં આવતાં મુખ્ય અને ગૌણ નારીપાત્રો નારીની વિવિધ છબીઓ રજૂ કરે છે. અભિનેત્રી, નોકરિયાત સ્ત્રી, લેખિકા, વંધ્યા, બાળવિધવા, કામ કરતી બાઈ, પૈસાનું સુખ હોવા છતાં દુઃખી થતી પ્રોપર્ટી ગણાતી સ્ત્રી આમ નારીની વિવિધ છબી દ્વારા સમાજમાં, કુટુંબમાં અને ધર્મમાં- આમ ત્રણેય મજબૂત ગણાતી સંસ્થામાંના રીતિ-રિવાજો, આડંબરો, સ્વાંગ, નાટકીપણું, ડોળ, જડતા, અંધશ્રદ્ધા, બેવડાપણું, દંભ- વગેરે જેવા દુર્ગુણોને કારણે સ્ત્રીને સહન કરવી પડતી પરિસ્થિતિઓ અને તે સામે અંતે તેનો સ્વસ્થ વિદ્રોહનું દર્શન આ નવલકથા કરાવે છે.

નવલકથાના નારીપાત્રો અને કથાવસ્તુમાં તેની ગુંથવણી વિશે ચંદ્રકાંત ટોપીવાળા નોંધે છેઃ "નવલકથાના નારીપાત્રો જીવન જીવવાનું નાટક કરતા કરતા છેવટે નાટકમાં જીવનના અંતરતમ સત્યને ઉદઘાટિત કરી બેસે છે અને આ માટે રામાયણના ચાર નારીપાત્રોની સહાય, સસ્તા સમીકરણને અર્થે નહીં પણ કીમતી સમાંતરતા માટે નવલકથાકારે લીધેલી છે."૫ આ નવલકથામાં લેખકે કોઈ સીધો ચુકાદો નથી આપી દીધો આ સંદર્ભે ઇલા નાયક નોંધે છે કેઃ "અહીં નવલકથાકાર સીધા તારણ કે અભિપ્રાયોથી દૂર રહ્યા છે તેથી જ આ કથા બોધ કથા નથી બનતી."૬ સ્ત્રી સમસ્યાઓને વાચા આપતી પ્રથમ ગુજરાતી નવલકથા તરીકે તેનું સ્થાન અતિમહત્વનું છે.

## ૩.૫ સંદર્ભ:


૧. ગુજરાતી નવલકથાના માનકનો વિસ્તાર, ચંદ્રકાન્ત ટોપીવાળા; પ્રત્યક્ષ ઑક્ટો-ડિસે.૨૦૦૫માંથી લેવાયેલ થોડા અંશો; બત્રીસ પૂતળીની વેદના, ઇલા આરબ મહેતા; ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, બીજી આવૃત્તિ, પુનર્મુદ્રણ, ૧૯૯૨, પૃ. ૧૮૦

૨. બત્રીસ પૂતળીની વેદના, ભરત મહેતા; સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા પુરસ્કૃત નવલકથા, સંપાદકઃ ગુણવંત વ્યાસ; પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ; પ્રથમ આવૃત્તિ, જાન્યુઆરી, ૨૦૦૮, પૃ.૨૧૯

૩. એજન; પૃ. ૨૧૮

૪. એજન; પૃ. ૨૧૮

૫. ગુજરાતી નવલકથાના માનકનો વિસ્તાર, ચંદ્રકાન્ત ટોપીવાળા; પ્રત્યક્ષ ઑક્ટો-ડિસે.૨૦૦૫માંથી લેવાયેલ થોડા અંશો; બત્રીસ પૂતળીની વેદના, ઇલા આરબ મહેતા; ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, બીજી આવૃત્તિ, પુનર્મુદ્રણ, ૧૯૯૨, પૃ. ૧૭૮

૬. નારી સમસ્યાને વાચા આપતી પ્રથમ ગુજરાતી નવલકથા-બત્રીસ પૂતળીની વેદના, ઇલા નાયક; કથાશ્લેષ, સંપાદકઃ ઇલા નાયક; પ્રથમ આવૃત્તિ, ૨૦૧૪, પૃ.૫૦